દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
સોમવાર ૨૦ એપ્રિલ, ૨૦૨૬

ગ્લોબલ વોર્મિંગના કારણે દેશના મોટા ભાગના શહેરોમાં તાપમાન 45 ડિગ્રી પહોંચી ગયુ

દેશના ઘણા ભાગોમાં ભીષણ ગરમીની અસર ચાલુ છે. રાજસ્થાન, યુપી, મધ્ય પ્રદેશ, ઓડિશા, તેલંગાણા અને છત્તીસગઢના ઘણા શહેરોમાં શુક્રવારે તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ગયું. છત્તીસગઢના રાજનાંદગાંવ અને મહારાષ્ટ્રના વર્ધામાં તાપમાન સૌથી વધુ 45°C નોંધાયું. બંને શહેરો શુક્રવારે દેશના સૌથી ગરમ શહેરો રહ્યા. ટોપ-10 સૌથી ગરમ શહેરોમાં મધ્ય પ્રદેશના રતલામ અને ઉમરિયા પણ સામેલ રહ્યા. રતલામમાં 44°C અને ઉમરિયામાં 43.8°C તાપમાન રહ્યું. ગરમીના કારણે 13 જિલ્લાઓમાં શાળાઓનો સમય બદલી દેવામાં આવ્યો છે. ઝારખંડમાં વધતી ગરમી વચ્ચે રાંચીના પ્રાણી સંગ્રહાલયમાં પ્રાણીઓને હીટવેવથી બચાવવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે. ઝૂ પ્રશાસને સિંહ, વાઘ અને દીપડા જેવા માંસાહારી પ્રાણીઓના વાડામાં એર કુલર લગાવ્યા છે. આ ઉપરાંત વાડા ઉપર પરાળ નાખીને છાયાની વ્યવસ્થા કરવામાં આવી છે. ઝારખંડ અને ઓડિશામાં હીટવેવની સ્થિતિ બની શકે છે, જ્યારે દરિયાકાંઠાના વિસ્તારોમાં ભેજવાળી ગરમી રહેશે. ઓડિશામાં કેટલીક જગ્યાએ ગરમ રાત રહેવાની સંભાવના છે. અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં ભારે વરસાદ થઈ શકે છે. કર્ણાટક, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, તેલંગાણામાં વાવાઝોડાની આશંકા છે. ઝારખંડ, ઓડિશા અને રાજસ્થાનમાં હીટવેવની સ્થિતિ સર્જાઈ શકે છે. કર્ણાટક અને તમિલનાડુમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહી શકે છે. અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં ભારે વરસાદ થઈ શકે છે. છત્તીસગ ઢ, તેલંગાણા, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને સિક્કિમના કેટલાક ભાગોમાં પણ ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે. આંધ્ર પ્રદેશ, કેરળ, ગોવા, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં વીજળી પડવાની ચેતવણી છે. હવામાન ખાતાની આગાહી અનુસાર 20 એપ્રિલ સુધી ગુજરાતના હવામાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી અને તાપમાન 40 ડિગ્રીની આજુબાજુ જ રહેશે. જોકે આગાહી અનુસાર 21 એપ્રિલ સુધી દરિયાકાંઠાના વિસ્તારો અને સૌરાષ્ટ્ર-કચ્છમાં ગરમ અને ભેજવાળી હવાને કારણે લોકોને મુશ્કેલી અનુભવાઈ શકે છે. ભારતીય હવામાન ખાતાનાં શહેરો માટેના વર્તારામાં જણાવ્યું છે કે 14 એપ્રિલથી તાપમાન ઘટશે અને મહત્તમ તાપમાન 40 ડિગ્રી રહેશે. રાજકોટમાં અનુભવાઈ રહેલું હવામાન લાંબા સમય સુધી ટકતું નથી. રાજકોટ હાલ એક હોટસ્પોટ (ગરમ સ્થળ) છે, પરંતુ બે-ત્રણ દિવસમાં કોઈ અન્ય સ્થળ હોટસ્પોટ બનશે, કારણ કે આ પ્રકારનું વાતાવરણ એક જગ્યાએ લાંબા સમય સુધી અનુભવાતું નથી. પરંતુ તેઓ ઉમેરે છે કે રાજકોટનું હવામાન ઉનાળોએ તેની પકડ જમાવવાનું ચાલુ કરી દીધાનો સંકેત પણ છે. પ્રો. લુણાગરિયાએ કહ્યું, હવે ઉનાળામાં જે ગરમી હોવી જોઈએ તે શરૂ થઈ ગઈ છે અને રાજકોટ તેના સંકેત આપે છે. હવે ચોમાસાનો વરસાદ ન આવે ત્યાં સુધી આ રીતે હીટ આઇલેન્ડ્સ સર્જાતા રહેશે. એપ્રિલ મહિનો શિયાળા અને ઉનાળા વચ્ચેનો સંક્રમણનો કાળ છે. આ કાળ દરમિયાન પવનની કોઈ ચોક્કસ દિશા નક્કી હોતી નથી. રાજકોટમાં શિયાળામાં ઈશાન દિશાથી પવન ફૂંકાય છે અને ઉનાળામાં નૈઋત્ય દિશા તરફથી પવન ફૂંકાય છે, પરંતુ હાલ પવનની દિશા વારંવાર બદલાય છે. વળી, પવનની ઝડપ પણ વધારે નથી. તેથી ગરમીનું એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર થતું નથી. તેથી, તાપમાન વધતું રહે છે. વળી, ચોક્કસ પરિબળોને કારણે ગરમ હવા ઉપર ઊઠી શકતી ન હોય અને આજુબાજુનો વિસ્તાર સૂકો હોવાથી પણ તાપમાન ઊંચું રહેતું હોય તેવી શક્યતા છે. હવામાન વૈજ્ઞાનિક ઉમેરે છે કે અર્બન હીટ આઇલેન્ડ ઇફેક્ટ પણ કામ કરી રહી હોઈ શકે છે અને સ્થાનિક કક્ષાએ હવાના હલકા દબાણવાળા વિસ્તારમાંથી હવાના ભારે દબાણવાળા વિસ્તારો તરફ હવા સરકી ન શકવાના કારણે તાપમાન ઊંચું રહેતું હોય તેવું બની શકે. તેઓ એમ પણ ઉમેરે છે કે અપર એટમોસ્ફિયરિક વેધર (આકાશમાં પ્રવર્તમાન હવામાન)નાં પરિબળોની અસર પણ આ તાપમાન પર પડી રહી હોઈ શકે છે. જો પવનની દિશા દરિયાથી ગરમીવાળી જગ્યા તરફ હોય તો આવો પવન ગરમીવાળી જગ્યાને ઠંડી પાડી તાપમાનને અંકુશમાં રાખે છે, પરંતુ જો પવન ભૂમિવિસ્તાર તરફથી ગરમ જગ્યા તરફ આવતો હોય તો તે પવન પણ ગરમ હોવાની શક્યતા વધારે હોય છે અને તેથી તે ગરમ જગ્યાને ઠંડી પાડી શકતો નથી. રાજકોટમાં જો પવન અરબી સમુદ્ર તરફથી આવતો હોય તો તે ઠંડો હોય છે. જો કચ્છ કે રાજસ્થાન તરફથી આવતો હોય તો ગરમ હોય છે. તેઓ ઉમેરે છે કે શહેરમાં સિમેન્ટ-કૉન્ક્રિટના બાંધકામ વધારે અને વૃક્ષો તેમજ હરિયાળી ઓછી હોવાથી અર્બન હીટ આઇલેન્ડ ઇફેક્ટનું નિર્માણ થાય છે. આ પ્રકારની ઘટનામાં શહેરી વિસ્તારના તાપમાનમાં અને તેની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના તાપમાનમાં બે ડિગ્રી સેલ્સિયસનો તફાવત જોવા મળે છે.

નિર્મમ એવા વાસ્તવનું વિશ્વઃ તિતલીલૅન્ડ

અક્ષરની આરાધના
સંપાદનઃ નરેશ શુક્લ

સાવ નોખા વિષયો, સાવ નોખાં સંવેદનો અને આગવી શૈલીવાળી આ વાર્તાઓ ન વાંચવાથી નુકસાન રહી જશે એ આપણા પક્ષે. જ્યારે ગ્લોરીફાઈ કરેલી સંવેદનાઓ, વ્યથાઓ અને ઘણી વાર ચોળીને ચીકણું કરતાં વિષયોમાં અટવાતી ગુજરાતી વાર્તાઓનો ધૂમ ફાલ ઊતરતો હોય, પોંખાતો હોય અને ઈનામોના લિસ્ટમાં ઉમેરાતો હોય ત્યારે સાવ નવા અને તરોતાજા સ્વરે સિમ્ફની જેવી સ્પર્શી જાય એવી વાર્તાઓ વાંચવાની જો કોઈને ઈચ્છા જન્મે તો 'તીતલીલૅન્ડ'ની વાર્તાઓ વાંચવી જોઈએ. મોટા ભાગની વાર્તાઓમાં એવાં એવાં પાત્રો પડ્યાં છે જે આપણી આસપાસ જ છે. આપણા જેવા જ, છતાં તારસ્વરે પોતાનાં રોદણાં રોવાને બદલે પોતાની રીતે માર્ગ શોધી લેતાં, ક્યારેક ફેન્ટસીની આભા સર્જીને આસપાસના સૂક્ષ્મ નિરીક્ષણમાં સરી પડતાં, માતા-પિતાને કશાય ચોક્કસ નિર્ણાયક રૂપે જોવાને બદલે સ્નેહખચિત છતાં તાટસ્થ્યથી જોનારાં, ભૂકંપના કારણે વિચ્છિન્નતા પામેલાં, અંગો ગુમાવેલાં, સ્વજનવિચ્છેદનો ભોગ બનેલાં, બાળસહજ લાગણીઓમાં અટવાઈને કરાળ વાસ્તવ સાથે ભટકાતાં બાળકો, કિશોરોની આ દુનિયા સાવ નોખી છે- અનોખી છે. આપણે ત્યાં આ પ્રકારની વાર્તાઓ બહુ નથી અથવા તો આખો સંગ્રહ એવી વાર્તાઓથી ઉભરાતો હોય એવું પહેલાં બન્યું નથી. માત્ર ભૂકંપ જ નહીં, ગોધરાકાંડ અને પછીથી સમગ્ર ગુજરાતમાં સર્જાયેલ હત્યાકાંડ જેવી વિકરાળ સમસ્યાઓ પણ સાવ આછા રૂપે પણ ગાઢ અસર સાથે આ વાર્તાઓમાં કલાના ધોરણે, કશીય બાજુએ અળપાયા વિના, કિશોર કે બાળકના ચિત્ત પર ઝીલાયેલી છબીરૂપે આ વાર્તાઓ બની છે. કશુંય બોલકાપણું નથી, બધું સહજ ક્રમે, સહજની અપેક્ષાએ, કશાય બંડ વિના કે કશીય શરણાગતિ વિના કહેવાયું છે. આ અર્થમાં આ વાર્તાઓ સાવ અનોખી છે. દરેક પાસે, દરેકની અંદર એક બાળક અવશ્ય હોવાનો- પણ એને ન સાંભળવાની જીદ આપણને કેળવણી દ્વારા, સામાજિક પરંપરાઓ દ્વારા આપવામાં આવી છે ને એટલે એને સાથે રાખીનેય એકલો પાડી દીધો છે- એવા બાળકનો અવાજ આ વાર્તાઓમાં કલાત્મક રીતે ઝીલાયો છે. એની તરફ દુર્લક્ષ સેવવાથી નુકસાન આપણને છે.

લેખકની વાત ખાસ જોવા જેવી છે, કહે છે- ''આપણે ત્યાં સદીઓ પહેલાં બાળકને રમવા, પોષવા, સંસ્કારવા માટે પંચતંત્ર ને હિતોપદેશની પશુપક્ષી અને માણસનાં સહિયારાં પાત્રોવાળી વાતો આવી. વન, ઉપવન, જંગલ, પહાડો ને નદીઓના પર્યાવરણપોષક પરિવેશ સાથે નીતિશાસ્ત્રના રોચક બોધિછોડ રોપાયા. પ્રાદેશિક ભાષાઓએ પણ એ છોડ વિકસાવ્યા ને બાળસાહિત્યનું મોકળું મેદાન રચાયું. કલ્પનાલોકને રમ્ય સાહસકથાઓથી પેઢીઓનું મનોરંજન સાથે ઘડતર થયું. પણ દિવસે દિવસે જીવન સંકુલ બન્યું. વિજ્ઞાન, ટેક્નોલોજી અને રાજસત્તાએ અર્બનજીવન પોષ્યું. બાળકના વિસ્મયમાં શિક્ષણ ઉમેરાયું. અનુભવની ક્ષિતિજો તેજીથી વિકસી. બાળકનું મનોરાજ્ય માત્ર કલ્પનાલોક ને રમ્ય સાહસયાત્રાઓ પૂરતું જ મર્યાદિત ન રહ્યું. કઠણ દુનિયાના વાસ્તવિક અનુભવોએ તેના ભાવજગતને, તેની જીવાતી જિંદગીને રગદોળી હચમચાવી નાંખ્યું. શારીરિક ઉંમરને મુકાબલે માનસિક ઉંમર વધારે મોટી અને પાકટ બની.

પણ બાળકના તળ-વાસ્તવ-જગત સાથેના સંઘર્ષો, તેમની નિર્દોષ કિલકારીઓ ને કરુણાન્તિકાઓના વિષયો, પ્રૌઢ કલમોના પરિઘ બહાર રહી જતાં જણાય છે. બાળમાનસને પામવાના ટાગોર, આર.કે.નારાયણ જેવા ગંભીર પ્રયાસોની ઊણપ વર્તાય છે. આતંક, બળાત્કાર, ઘરેલું હિંસા, ભ્રષ્ટાચાર, રાષ્ટ્રવાદ જેવા તોતિંગ રોકડિયા વિષયો સામે કદાચ નાજુક કળીઓની બૃહદ્ દુનિયા હાંસિયામાં રહી જતી અનુભવાય છે. એક બાળક મારા અસ્તિત્વમાં જીવનની-આટાપાટા, અગરપાટ, ખારોપાટ, લૂણનો પટ જેવી રમતોની ઠોસ લપેટો ખમતું રહે છે, ઝઘડતું રહે છે, આઉટ થતું રહે છે. પરિવેશ ગમે તે હોય, મારી સર્જકતા બાળકની તળ મનોવેદના પામવા, માણવા, પ્રમાણવા મથતી હોય છે.'(મારી વાત- હસમુખ કે. રાવલ)

આપણે ત્યાં સદીઓ પહેલાં બાળકને રમવા, પોષવા, સંસ્કારવા માટે પંચતંત્ર ને હિતોપદેશની પશુપક્ષી અને માણસનાં સહિયારાં પાત્રોવાળી વાતો આવી. વન, ઉપવન, જંગલ, પહાડો ને નદીઓના પર્યાવરણપોષક પરિવેશ સાથે નીતિશાસ્ત્રના રોચક બોધિછોડ રોપાયા

કુલ અઢાર વાર્તાઓ છે. ઈચ્છા બધી જ વાર્તાઓ વિશે કહેવાની છે. પણ આ ટૂંકો પટ એમ કરતાં રોકવાનો છે. મમ્મી, તીતલીલૅન્ડ, તોત્તોચાનનું બેસણું અને મંકોડા- આ વાર્તાઓમાં જે બાળકો છે એનો કોઈ મનોવૈજ્ઞાનિક ધોરણોથી અભ્યાસ કરે તો એને ઘણું હાથ આવે એમ છે. એવાં બાળકો છે જેને કોઈ ને કોઈ રીતે અભાવમાં જીવવાનું આવ્યું છે, એકાકી જીવવું પડે એવી અવસ્થામાં એનું મન કંઈ દરેક વખતે



હિજરાતું જ હોય એવું નથી, બાળકનું મન કશુંક શોધી લે છે, પોતાની રીતે રચી કાઢે છે ને એ રચના એની પોતાની હોય છે. આસપાસમાં જે મળે એની સાથે ભળીને જીવન-પળોને આનંદરૂપ કરી નાંખતાં આ બાળકોની ક્રિયાઓને જે રીતે આલેખાઈ છે તે સહ્રદય ભાવક માટે તો આકરી જ નીવડવાની. એમાંથી જે સંવેદનપિંડ સર્જાઈને ચિત્ત ઉપર અસર કરે છે એમાં વાર્તાકારનો મોટો કસબ છે. એમની પ્રતિભાનો ચમકાર આ આલેખનની બારીકાઈમાં રહેલો છે. રમતુડો- વાર્તામાં સાવ અડખેપડખે રહેતાં હિન્દુ અને મુસ્લિમ ગરીબ પરિવાર નિમિત્તે જે પરિમાણ સિદ્ધ થયું છે તે વાર્તાને ઉમદા બનાવે છે. બકરીનું બચ્ચું- કઈ રીતે ક્રમશઃ બાળકોના ચિત્તમાં જે અસર પાડનારું બને છે ને એમાંથી જ ક્રમશઃ બે કલ્ચરભેદ, વિચારભેદ પછી એ બાળકોના મનમાં એનો છેદ જ ઊડી જતો હોય એવું આલેખન પ્રેમનું રાજ્ય અખંડ રાખે છે. બાળકોની આંખે મુકાયેલ આ બાબતો સહજ-સરળ રીતે જાણે કે ઉકેલને ચીંધે છે અને તેમ છતાં અંત આખો એવી રીતે ચેરી નંખાયો છે કે ધાર્યું લક્ષ્ય આપણાં ચિત્તમાં પાર પડીને રહે છે. લીલીયો-વાર્તા તો જીવનમાં મોટા ભાગનાએ જૂદાં જૂદાં પરિમાણ અને પરિસ્થિતિઓમાં જીવી હોવાની અનુભૂતિ થયા વિના ન રહે. ગામડાની મસ્તીમાં જીવતો લીલિયો સંજોગોથી દોરાઈને શહેરમાં આવી જાય - એના બાલમાનસનો આ નવા માહોલમાં સ્વીકાર અને અસ્વીકાર બંને પરિસ્થિતિઓને આ વાર્તા આલેખે છે. આરંભ અને સશક્ત એવો અંત આ વાર્તાને ચિત્ત પર કાયમી અંકિત કરી નાંખનારો નીવડે. ગોધરાકાંડની અસરોમાં અમદાવાદમાં થયેલાં હુલ્લડો અને ખૂનામરકીમાં સંડોવાતા સામાન્યજન - રીક્ષાવાળાની કશ્મકશ આલેખતી વાર્તા એટલે દૂર જતો માણસ. આ વાર્તા આપણાં ચિત્તમાં એ સમયને પુનઃસ્થાપિત કરવામાં અસરકારક નીવડે એવી રીતનું આલેખન પામી છે. આવી વાર્તાઓ માનવીય સંવેદનો, એના ચિત્તમાં ચાલતી ઊથલપાથલો, ક્ષણિક આવેગો અને એનાથી રોજિંદી લાઈફમાં આવી જતો આંતરસંઘર્ષ સુપેરે પ્રગટ થઈ રહે છે.

ચિત્ત ઉપર સૌથી ગંભીર અસર જન્માવતી વાર્તાઓમાં આ દૂર જતો માણસ અને બીજી છે લપેટમાં- વાર્તા. બીજી વાર્તા લપેટમાં- ભૂકંપની વેળા અને પછીના ચોવીસ કલાક આલેખાયા છે. હર્યોભર્યો ખેલતો પરિવાર જે રીતે વિખેરાય છે એની આ વાર્તા એટલી તો અસરકારક રીતે આલેખાઈ છે કે આપણાં ચિત્ત પર કબજો લઈ લે. બાળક નજર સામે જ મમ્મીને મરતી બળતી જુઓ, પિતાનો સંઘર્ષ જુએ, એમની લાચારી અને પરવરિશ એવી સ્થિતિમાં જે હાલાત સર્જાય છે એ હચમચાવી નાંખનાર છે. કાળદેવતાનું રૌદ્ર રૂપ અને સામે સાવ અસહાય બની જતું બાળક- આ વાર્તાને અભૂતપૂર્વ બનાવે છે. નેરેશનની ગરબડી મોટા ભાગની વાર્તાઓમાં જો સભાન બની જોઈએ તો મળી આવે, વારંવાર બદલાતું કથન અને ઍંગલ ક્યાંક સમસ્યા સર્જે છે પણ વાર્તાપિંડ એટલો સશક્ત હોય છે કે એ બધું જ ગૌણ બની રહે છે. ભૈ, ભણજે, મારે પણ પપ્પા હોય, ઓહ માય ફ્રેન્ડ ગણેશા- જેવી વાર્તાઓ યાદગાર બની રહે એમ છે. આનંદ એ વાતનો છે કે નકરા નિર્મમ વાસ્તવની ધરાતલ પર મંડાયેલી આ વાર્તાઓ તરાસેલી અવ્વલ કલાકૃતિઓ બની રહી છે. મારો અભ્યાસ છે ત્યાં સુધી ગુજરાતી સાહિત્યમાં આ પ્રકારની વાર્તાઓ- બાળક પર જ કેન્દ્રિત થયો હોય એવો આ પહેલો સંગ્રહ હશે. તેમ છતાં એ બાળવાર્તાઓ નથી જ નથી, રખે ને ટાઈટલથી કોઈ ભોળવાઈ જાય. આ માણસની વાત છે, સાચકલા સરળ જીવનની સંકુલતાને આકારતી વાર્તાઓ છે.

વારંવાર આગ્રહ કરવો ગમે કે આ વાર્તાઓ જરૂર વાંચજો. મમળાવજો...

(તીતલીલૅન્ડ (ટૂંકી વાર્તાઓ) હસમુખ કે. રાવલ, પ્ર.આ. 2025, પ્રકા. ઝેન ઓપસ, હિંગળાજ માતા કમ્પાઉન્ડ, જૂની હાઈકોર્ટ મેટ્રો સ્ટેશન પાસે, નવરંગપુરા પોલીસ સ્ટેશન લાઈન, અમદાવાદ-380009, કુલ પૃ. 168, કિં. 275.00, કાચું પૂંઠું, ડેમી)

શામળિયાનો સાદ, શામળિયાનું ધામઃ શામળાજી

ખાસ કરીને દૃશ્ય કલાઓને કેન્દ્રમાં રાખીને કલાતીર્થ ટ્રસ્ટ દ્વારા જે અભિયાન આરંભાયું છે તેનાં સુફળ મળી રહ્યાં છે. સમાજનાં શુભચિન્તક શ્રેષ્ઠીઓના સહયોગથી એક પછી એક ચડિયાતાં સંપાદનો આ ટ્રસ્ટની ખાસ ઓળખ તો રચી જ રહ્યાં છે સમાન્તરે ગુજરાતી કલાવારસાનું ડોક્યુમેન્ટેશન કરીને ઐતિહાસિક કાર્ય કરવામાં આવી રહ્યું છે. છેલ્લાં ચાર-પાંચ પ્રકાશન દરમિયાન એમાં જે નવું પાસું ઉમેરાયું છે તે અંગ્રેજી ભાષામાં પણ સમાન્તરે જ અનુવાદ કરીને છાપવામાં આવી રહ્યો છે. એના કારણે આ કલાવારસા તરફ વૈશ્વિક પહોંચ વધી રહી છે. એ પણ જાણવા મળ્યું કે, યુરોપ, અમેરિકા, મિડલ ઈસ્ટ જ નહીં રશિયા -જાપાનમાં પણ આ ગ્રંથ ત્યાંની યુનિવર્સિટીઓના ગ્રંથાલયો, જાહેર ગ્રંથાલયોમાં પણ મોકલવામાં આવી રહ્યા છે. આ બહુ મોટું કાર્ય થઈ રહ્યું છે. એનાથી ત્યાંનાં વિદ્યાર્થીઓ, કલારસિકો અને ભાવકો માટે આ સામગ્રી એક નવો અધ્યાય જોડનાર બની રહેશે. ગુજરાતની સમૃદ્ધિ, ગુજરાતની પ્રજા, ગુજરાતનો કાપડઉદ્યોગ, હીરાઉદ્યોગ, કેટલીક ખાદ્ય વાનગીઓ, સિંધુ ખીણની સંસ્કૃતિ, પ્રાચીન બંદરો, ગરબા અને સાંસ્કૃતિક ઓળખ તો વિશ્વકક્ષાએ જાણીતી છે જ. હવે એમાં આ નવું છોગું પણ ઉમેરાશે. કલાતીર્થ દ્વારા ગુજરાતનાં શિલ્પો, સ્થાપત્યો, વાવ-કૂવાઓની પરંપરા, ચિત્રો, લોકચિત્રોની વિવિધ પરંપરાઓ, કલાકારો, સંગીતકારો ઈત્યાદિ પર ગ્રંથો પ્રકાશિત કરીને વિના મૂલ્યે કલારસિકો સુધી પહોંચવાનો જે ઉપક્રમ હાથ ધર્યો છે તેને સલામ.

આજે જે ગ્રંથ વિશે વાત કરવી છે એ સુપ્રસિદ્ધ યાત્રાધામ એવા શામળાજી પર કેન્દ્રિત છે. કુલ છ લેખો અને ઘણા ફોટોગ્રાફ આ ગ્રંથને આગવી સુંદરતા આપવા સાથે સમૃદ્ધ બનાવે છે. આરંભે સંપાદકોના લેખોમાંથી સર્વસામાન્ય એવી ઐતિહાસિક ક્રમે માહિતી આપવામાં આવી છે. ખાસ

કરીને ડૉ. નવીનચંદ્ર આચાર્યના લેખમાં શામળાજી વિશેનાં ભૌગોલિક સ્થાન, પૌરાણિક ઉલ્લેખો, વિવિધ દસ્તાવેજો, એની હાલની પરિસ્થિતિ, લોકમાન્યતાઓથી માંડીને વર્તમાન સુધીની માહિતી આપતા લેખો શામળાજી અને એની આસપાસમાં ફેલાયેલ સાંસ્કૃતિક ધાર્મિક ધરોહર જેમાં બૌદ્ધ, શાક્ત, શિવ અને કૃષ્ણમાર્ગીઓનું મહત્ત્વ સિદ્ધ કરે છે. ઈતિહાસમાં આવેલ વિવિધ વારા-ફેરા અને એની અસરો પણ આછા લસરકે અહીં મૂકવામાં આવી છે. સમાન્તરે ત્યાં રહેલ સ્થાપત્યનો સમયગાળો, રીતિઓ અને એનું લાવણ્ય શબ્દોમાં પ્રગટાવવાનો પ્રયાસ જોઈ શકાય છે. એક જ પાનાંમાં ગુજરાતી અને એનો અંગ્રેજી અનુવાદ આ ગ્રંથની પહોંચ વિસ્તારે છે. એમાં ઉમેરાય છે તસવીરોની કમાલ. વિવિધ ઍંગલથી, કલરફુલ તસવીરોથી આખી એ વાતને નવું પરિમાણ મળવા સાથે આંખો માટે આનંદનો અવસર આપે છે. આસપાસ વસતી આદિવાસી પ્રજામાં વણાઈ ગયેલ આ સંસ્કૃતિધામ, મેળાઓ, એ વખતે જન્મતો જનસૈલાબ અને એમાં ઓળઘોળ થતાં સર્વજનનો ચિતાર પણ આ ગ્રંથનું લાવણ્યમય પાસું બની રહે છે.

શામળાજીનું સુપ્રસિદ્ધ અને આજના સમયે સૌથી મહત્ત્વનું છે એ દેવગદાધર મંદિર વિશેના લેખમાં બહુ ઝીણવટભેર મંદિરની માહિતી આપવામાં આવી છે. માંડણીથી માંડીને શિખર સુધીના વિસ્તરતાં શિલ્પો, એનું વૈવિધ્ય, એમાં રહેલ નજાકત, મંદિર શૈલીની મહેક, વિષયો, કથાઓ, વિવિધ જીવનધર્મોનું આલેખન કેવી રીતે કરવામાં આવ્યું છે તેનું આલેખન આ લેખને સમૃદ્ધ બનાવે છે. સમાન્તરે દરેક બાબતની તસવીર હોવાથી નયનરમ્ય લાગે છે. એ જ લેખકનો ત્રીજો લેખ શામળાજી અને એની આસપાસનાં મંદિરો, એનું જે તે સમયમાં રહેલ મહત્ત્વ, એના વિશેની માન્યતાઓ, ત્યાંનાં લોકોમાં એ મંદિરોની અસરો, માન્યતાઓ અને આસ્થા વિશેની નોંધ આ લેખોને રસભર બનાવે છે.

આ જ સર્કિટ જેની સાથે જોડાયેલી છે એવા મોડાસામાં મળેલ પ્રાચીન શિલ્પો વિશેનો લેખ રમણલાલ સોનીનો છે. મોડાસાની માજુમ નદીમાંથી મળેલ વરાહરૂપની મૂર્તિ અન્ય બે મૂર્તિઓ અને એનું સૌંદર્ય વિગતે આલેખાયું છે. એ મજાનો લેખ છે. જુઓ - ગામમાં આજે પણ કેટલીક જૂની હવેલીઓ ઊભી છે તેની રચના અને લાકડાનું કોતરકામ, નકશી વગેરે ધ્યાન ખેંચે એવાં છે. એક કાળે ત્યાં જૈનો, નાગરો અને ગાયકો(ગાંધર્વો)ની વસ્તી ખૂબ હતી. આજે તો એ ત્રણેમાંથી એકેનું નામોનિશાન નથી. મરાઠાઓ અને મુસલમાનોએ ત્રણ ત્રણ વખત આ ગામ લૂંટ્યું છે ને બાળ્યું છે. મુસલમાનોના આગમન પહેલાં ત્યાં સ્વતંત્ર રાજપૂત રાજ્ય હતું અને ભૌગોલિક દષ્ટિએ એની રાજકીય અગત્ય જોઈ અંગ્રેજોએ ઇડર રાજ્ય પાસેથી ઓગણીસમી સદીની શરૂઆતમાં જ એ મેળવી લીધું હતું. મારવાડ અને રાજપૂતાનાની સીમ પર એ આવેલું છે. અમદાવાદથી ડુંગરપુર- કેસરિયાજી- ઉદેપુર જવાનો સરિયામ માર્ગ ત્યાં થઈને જાય છે. ગુજરાતનો ડુંગરપુર, સીમરવાડા, ગલિયાકોટ સાથેનો વેપાર-ધંધો મોડાસાની મારફતે ચાલે છે. (પૃ.162)

આ રીતે વિવિધ પરિમાણોને ઉપસાવતાં જઈને આ પ્રદેશ, સંસ્કૃતિ, બદલાવો, જીવનશૈલી અને એના બદલાવોને નોંધતાં લેખો જીવન્ત અનુભવ કરાવવા સાથે દસ્તાવેજીકરણ પણ કરે છે. આવા ગ્રંથો આપણી ચેતનાનો વિસ્તાર કરે છે. સમાન્તરે આપણા વારસાને, આપણા ભૂતકાળને અને કલાસમૃદ્ધિને સમજવાથી એક નવઅર્થપૂર્ણ સજ્જતા પણ વધે છે. આ પ્રકારના ગ્રંથોનું સેવન અનિવાર્ય લાગે છે. બહુમુખી સમજ અને સમાજ ઘડાય તે માટે આવા ગ્રંથોનો વ્યાપ વધતો રહે તેવી અપેક્ષા સ્વાભાવિક જ રહે. એક નોંધપાત્ર પાસું ઉમેરાઈ રહ્યું છે એનો આનંદ વ્યક્ત કરવા સાથે જણાવું છું કે હવે ગ્રંથોમાં સંદર્ભનોંધ અને અભ્યાસની શિસ્ત જોવા મળે છે. એમ જ સ્ટેટમેન્ટ આપવાને બદલે આધાર સાથે વાત કરતા લેખકોને સ્થાન મળવાને કારણે આ ગ્રંથોનું મૂલ્ય અદકેરું થતું જાય છે.

(શિલ્પ સ્થાપત્યનું કલાધામ- શામળાજી, સં. રમણિક ઝાપડિયા। વિમલા ઠક્કર, પ્ર.આ. 2026, પ્રકા. કલાતીર્થ ટ્રસ્ટ, રંગ-18, રાજાનન સોસાયટી, વિભાગ-3, ગજેરા સ્કૂલની સામે, કતારગામ, સુરત-395004, કુલ પૃ. 175, ડબલ ક્રાઉન, કાચું પૂંઠું)

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

સુરતના ભવ્ય વારસાની ઉપેક્ષા અને સાંસ્કૃતિક ઓળખ સામે જોખમ

આજે જ્યારે સ્માર્ટ સિટીના નામે નવાં મકાનો અને બ્રિજ બની રહ્યાં છે, ત્યારે આપણા જૂના કોટ વિસ્તારની અનેક ઐતિહાસિક ઈમારતો અને ધરોહરો જર્જરિત હાલતમાં છે. સત્તાધારી પક્ષના સંકલ્પ પત્રમાં આ પ્રાચીન વારસાના સંરક્ષણ કે 'હેરિટેજ રિસ્ટોરેશન' માટે કોઈ નક્કર આયોજન દેખાતું નથી. બીજી ચિંતાજનક બાબત એ છે કે, આર્થિક વિકાસ અને પરપ્રાંતીય સ્થળાંતરના પ્રવાહમાં અસલ 'સુરતી સંસ્કૃતિ' અને તેનું સામાજિક સંતુલન ખોરવાઈ રહ્યું છે. જૂના સુરતના વિસ્તારોમાં થઈ રહેલાં અનધિકૃત દબાણો અને વસ્તીના માળખામાં આવતા ફેરફારોને કારણે મૂળ સુરતીઓ પોતાની ઓળખ અને શાંતિ ગુમાવી રહ્યાં છે. ખાસ કરીને હેરિટેજ ગણી શકાય તેવા વિસ્તારોમાં થતાં ગેરકાયદે બાંધકામો શહેરની સાંસ્કૃતિક સુંદરતાને નુકસાન પહોંચાડી રહ્યાં છે. વિકાસ એટલે માત્ર સિમેન્ટ-કોંક્રિટનાં જંગલો નહીં, પણ જે-તે શહેરના આત્મા સમાન તેના વારસાનું જતન પણ છે. જો આપણે આપણો ઈતિહાસ સાચવી નહીં શકીએ, તો આવનારી પેઢીને 'સ્માર્ટ સિટી' તો મળશે પણ 'સુરતની અસલિયત' નહીં મળે. તંત્ર અને સત્તાધારી પક્ષ આ દિશામાં જાગૃત બની હેરિટેજ પ્રોજેક્ટ્સ પર ધ્યાન આપે તેવી નમ્ર વિનંતી છે.

સુરત - ડૉ. પંકજ ગાંધી

પૌરાણિક બિલ્વેશ્વર મહાદેવ મંદિર

સુરત કોટ વિસ્તારના ઈંદરપુરા કાલીપુલ ખાતે પૌરાણિક બિલ્વેશ્વર મહાદેવ મંદિર આવેલું છે. વિશાળ શિખર ધરાવતા શિવાલયનો છ વખત જીર્ણોદ્ધાર થયો છે.આ શિવાલયનો ૫૦૦ વરસનો ઈતિહાસ છે.વિ.સં.૧૫૩૭ માં મહાત્મા સંત નિર્માણ સાહેબનું સુરતમાં આગમન થયું તે સમયે નવાબ હયાતખાનની હુકુમત હતી.ત્યાર પછી સિધ્ધપુરુષ અડબંગનાથ અહીં આવ્યા. માર્ગે વિચરતા એમના ચરણને ઠોકર લાગી. પત્થર સમજી દૂર કર્યો.રાત્રીએ ઈશ્વરી આદેશ સંભળાયો, આવા સિધ્ધપુરુષ થઈ લીલાને ઓળખી શક્યા નહીં. આંખો ખુલી ગઈ અને એ જ સિધ્ધપુરુષે શિવાલયની સ્થાપના કરી તે 'અંડબંગેશ્વર મહાદેવ' નામથી ઓળખાયું.એક સમયે અંડબંગેશ્વર મહાદેવનો જયનાદ ગૂંજી રહ્યો હતો. એ શિવાલયનો મુસ્લિમ શાસનકાળમાં વિધ્વંસ થયો.એ સ્થાને માટીના ઢગ થઈ ગયા. એકસો વરસ પછી એ સ્થળે ચિંથલ વણજારાએ પડાવ નાંખ્યો. તેમની ગાય ત્યાં જતી અને ચારે આંચલમાંથી દૂધની ધારા વહેડાવતી હતી.ચિંથલ વણજારાએ એ સ્થળે ખોદાવ્યું તો શિવલિંગ નીકળ્યું. એ સ્થાન પર શિવાલય બંધાવ્યું અને તે 'ચિંથળીયા મહાદેવ' નામથી ઓળખાયું.ભૂતકાળમાં છ વાર જીર્ણોદ્ધાર થયો જે શિવાલય હાલમાં બિલ્વેશ્વર મહાદેવ તરીકે ઓળખાય છે.

સુરત - કિરીટ મેઘાવાલા

વહેમમાં રાચતા વક્તા

બદલાયેલો સમય એટલે ગાડરિયો પ્રવાહ. આવી ટોળાશાહી.. ધાર્મિક હોય કે, સામાજિક. દરેક જગ્યા પર સરખી જ ઓપરેન્ડી જોવા મળે ત્યારે એ વાતને અચૂક સમર્થન મળી જાય છે તે. મોટા ભાગના ધાર્મિક કાર્યક્રમોમાં..૫૦ / ૫૫ ની ઉપરના અને સામાજિક કે રાજકીય કાર્યક્રમોમાં. બહુધા અલ્પશિક્ષિત યુવા જેઓ ૨૫-૪૦ વયનાં લોકોને ગાડરિયા ગામના કાયમી વસવાટી હોય. મફતમાં ખવડાવો અને પીવડાવો. બસ ભીડ ભેગી કરો. સામે પક્ષે .. જાહેર મંચ પરથી તકસાધુઓ સામે બેઠેલા ટોળાને વાતે વાતે.. તાળીઓ પડાવવા પણ રીતસરના ઈશારાથી..હો ..હા ..કરી કરાવીને..બહુ સરસ રજૂઆત ..વાહ..જેવા શાબ્દિક અર્થ પણ આસપાસના અંધભક્તોને જાણે સરળતાથી વશમાં કરી લેવામાં માહિર થતાં જાય છે.મજાની વાત એ છે કે, સાંભળવા માટે આવેલા ટોળામાં કંઈક કેટલાંય લોકો એવાં હશે કે,બધું જ વાંચી સાંભળીને ચિંતન મનન કરી ભક્તિનું ભાથું પચાવીને બેઠા હોય છે છતાં પણ.. એમનો ઈરાદો..પેલો કાર્યક્રમ પૂર્ણ થતાં જ.. જમણવાર યોજાયો હોય એમાં અંગત રસાસ્વાદ માટે ખૂબજ તલપાપડ રહેશે. બીજી બાજુ જે તે સ્થાન ઉપર આવેલ વક્તાઓને મનોમન એક જ વહેમ ઘર કરી જાય છે કે, વાહ.. કેટલાં બધાં મને સાંભળવા આવે છે. ખરેખર તો આ વહેમ છે. આજકાલ તો લોકોને સાંભળવા કરતાં પેટપૂજામાં જ અધિક રસ.યોગાનુયોગ આ વર્ષમાં પણ..આવ્યો એ.. અધિક જેઠ માસ.

- પંકજ શાં. મહેતા

શિક્ષણમાં 'બેક ટુ બેઝિક્સ'

સ્વીડન હવે વર્ગખંડોમાંથી ડિજિટલ સિસ્ટમ હટાવી પુસ્તકો અને કાગળ-પેન તરફ પાછું વળી રહ્યું છે. તે વાંચીને મનમાં અનેક વિચારો જાગ્યા. આજના આધુનિક યુગમાં જ્યારે આખું વિશ્વ ટેક્નોલોજી પાછળ આંધળી દોટ મૂકી રહ્યું છે ત્યારે સ્વીડન જેવો વિકસિત દેશ આવું પગલું ભરે તે બાબત ગહન ચર્ચા માંગી લે તેવી છે. નિઃશંકપણે, ડિજિટલ ઉપકરણોની ઉપયોગિતાને નકારી શકાય તેમ નથી. ટેકનોલોજીએ શિક્ષણને રસપ્રદ અને વૈશ્વિક સ્તરનું બનાવ્યું છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં શિક્ષણમાં ટેબ્લેટ અને લેપટોપનો ઉપયોગ અનિવાર્ય બની ગયો હતો. પરંતુ, જ્યારે આ સાધનોનો ઉપયોગ મર્યાદા ઓળંગી જાય ત્યારે તે વિદ્યાર્થીઓની મૌલિકતા માટે જોખમી બને છે. સ્વીડનના શિક્ષણ મંત્રીના જણાવ્યા મુજબ, સતત સ્ક્રીન સામે રહેવાથી બાળકોની એકાગ્રતા ઘટી છે અને મૌલિક વિચારશક્તિ પર વિપરીત અસર પડી છે. અહેવાલ મુજબ, ૨૪% જેટલા ૧૫-૧૬ વર્ષના કિશોરો પાયાના વાચન-લેખનમાં નબળાં પડ્યાં છે. આ આંકડો લાલબત્તી સમાન છે. સ્વીડન સરકારનો નિર્ણય ટેકનોલોજીના વિરોધમાં નથી, પરંતુ તેના યોગ્ય સંતુલન માટે છે. પુસ્તકો એકાગ્રતા વધારે છે, જ્યારે કાગળ પર પેનથી લખવાની ક્રિયા મગજને વધુ સક્રિય બનાવી યાદશક્તિ વધારે છે. પાયાનું શિક્ષણ પુસ્તકો અને હસ્તલેખન દ્વારા મજબૂત થવું જોઈએ, જ્યારે સંશોધન અને અદ્યતન જ્ઞાન માટે ડિજિટલ માધ્યમોનો વિવેકપૂર્ણ ઉપયોગ થવો જોઈએ.અંતે તો શિક્ષણનો મુખ્ય હેતુ બાળકનો સર્વાંગી વિકાસ છે, જે માત્ર 'ક્લિક' કરવાથી નહીં પણ 'ચિંતન' કરવાથી પ્રાપ્ત થાય છે. આશા છે કે આ ગંભીર વિષય પર આપણા સમાજ અને શિક્ષણવિદોમાં તંદુરસ્ત ચર્ચા જાગશે.

સુરત - ચારુલતા અનાજવાળા

મતદાન ન કરનારાં સામે કડક કાર્યવાહી કરવાની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલા સમાચાર મુજબ ચૂંટણીમાં મતદાન ન કરનારાં લોકો સામે કડક કાર્યવાહી કરવાની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દેતાં જણાવ્યું કે મતદાન કરવું ન કરવું એ મતદારનો મૂળભૂત અધિકાર છે. મતદાન કરવું એ ફરજિયાત નથી. મતદાન ન કરનારાં લોકોને આપવામાં આવતી સરકારી સહાય બંધ કરવામાં આવે એવો ઉલ્લેખ અરજીમાં કરવામાં આવ્યો, સરકારી સહાય ગરીબ અને મધ્યમ વર્ગનાં પછાત વંચિત લોકોને જ આપવામાં આવે છે તો બાકીનાં લોકો જે સહાય મેળવતાં નથી. તેઓ જો મતદાન ન કરે તો તેમનું શું? જે લોકો મતદાર યાદીમાં નામ નોંધાવવાને પાત્ર છે તેવાં તમામનાં નામો દાખલ કરવાં જોઈએ. સરકારે મત આપવા માટે ચૂંટણી કાર્ડ અમલમાં લાવવામાં આવ્યો. ચૂંટણી કાર્ડ ન હોય તો મતદાન કરી શકાય તે માટે અન્ય ૨૧ પુરાવા પૈકી ગમે તે એક પુરાવો રજૂ કર્યેથી મતદાન કરવા દેવામાં આવશે. મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે કોઈ પણ પ્રકારની ચૂંટણી યોજાય તો ચૂંટણી લડી રહેલાં ઉમેદવારો બિનહરીફ જાહેર ન થવાં જોઈએ એ લોકશાહીની તંદુરસ્ત નિશાની છે.અને છેલ્લે બધા કાર્ડના બદલે એક જ કાર્ડ અમલમાં લાવવામાં આવે તેવી કાર્યવાહી કરવાજોગ જણાય છે.

સુરત - ચંદ્રકાંત રાણા